# શહેરમાં ઉત્સાહભેર ૬૭ ટકા મતદાન

## નરેન્દ્ર મોદીના માતા હીરાબાએ સે. ૨૨ અને રાજ્યપાલે સે. ૨૦ પ્રાથમિક શાળામાં મતાધિકારનો ઉપયોગ કર્યો : સવારે ઠંડીની અસર હળવી થયા બાદ મતદારોનો ઉત્સાહ વધ્યો : વૃદ્ધો માટે વ્હીલચેરની વ્યવસ્થા આશીર્વાદરૂપ નીવડી

ગાંધીનગર, તા. ૧૪ ગુજરાત વિધાનસભાની



સામાન્ય ચૂંટણીને અનુલક્ષી આજે બીજા તબક્કાના મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગર શહેરમાં પણ મતદારોમાં સવારથી જ વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરના મતદાન મથકો પર મતદારોની કતાર જોવા મળી હતી. રાજ્યપાલ ઓ.પી. કોહલીએ સે. ૨૦ની પ્રાથમિક શાળામાં મતદાન કર્યુ હતુ. આ ઉપરાંત ગાંધીનગર ઉત્તર અને દક્ષિણના ઉમેદવારો સહીત ભાજપ કોંગ્રેસના નેતાઓએ સેક્ટરોના વિવિધ મતદાન મથકો પરથી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સવારે ઠંડીના લીધે મતદાનની પ્રક્રીયા પ્રભાવિત રહી હતી. જો કે ધીમે ધીમે મતદાન મથકોએ ભીડ જામતા ગાંધીનગરમાં સાંજે ૪ વાગ્યા સુધી ૬૨ ટકા મતદાન થઈ ગયુ હતુ. વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી આજે યોજાયેલી મતદાનની પ્રકીયામાં શહેરના મતદારોમાં મતદાન માટે ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારના સમયે ઠંડીની અસરથી મતદાનની પ્રક્રીયા પ્રમાણમાં ધીમી રહી હતી. જો કે મોર્નિંગ વોક બાદ કેટલાક મતદારો સીધા મતદાન મથકો પર પહોંચ્યા હતા. શહેરમાં સે. ૨૦ પ્રાથમિક શાળા ખાતે રાજ્યપાલ ઓ.પી. કોહલીએ મતદાન કર્યુ હતુ. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માતૃશ્રી હીરાબાએ પણ સે. ૨૨ પ્રાથમિક શાળામાં મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહીલ અને નિશીત વ્યાસે પણ સે. ૨૦ સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટીથી મતદાન કર્યુ હતું. આ ઉપરાંત શંકરસિંહ વાઘેલાએ પણ પોતાના વાસણ ગામની પ્રાથમિક શાળામાંથી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગાંધીનગર ઉત્તરના ભાજપના ઉમેદવાર અશોક પટેલે સે. ૭ પ્રાથમિક શાળામાંથી મતદાન કર્યુ હતુ. જ્યારે ગાંધીનગર દક્ષિણની બેઠકના ભાજપના ઉમેદવા શંભુજી ઠાકોરે ઉત્તરની બેઠક માટે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બોલિવુડની અભિનેત્રી અવની મોદીએ સે. ૨ ખાતેના મતદાન મથક પરથી પોતાનો મત આપ્યો હતો. આ તબક્કે મત આપવાના બંધારણીય અધિકારનો ઉપયોગ કરવા દરેક નાગરિકને અપીલ કરી હતી. શહેરી વિસ્તારમાં એકંદરે શાંતિપૂર્ણ રીતે મતદાનની પ્રક્રીયા પૂર્ણ થઈ હતી. દિવસ દરમિયાન સેક્ટરોમાં સ્થિત મતદાન બુથો પર સતત મતદારોની અવરજવર જોવા મળી હતી. બપોરના સમયે મતદારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. જ્યારે સાંજના આખરી તબક્કામાં મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. મતદાન મથકો પર સિનિયર સિટીઝન્સ અને મહીલાઓની પણ ભીડ જોવા મળી હતી. વૃદ્ધો માટે કરવામાં આવેલી વ્હીલચેરની વ્યવસ્થા પણ આશીર્વાદરૂપ નીવડી હતી. મતદાનની પ્રક્રીયામાં વી.વી.પેટનો પ્રથમવાર ઉપયોગ પણ મતદારોમાં ચર્ચાસ્થાને રહ્યો હતો. મતદાન મથકો નજીકના બુથો પર કોઈ વિશેષ ચહલ-પહલ જોવા મળી ન હતી. રાજકીય પક્ષોના આગેવાનો મતદાનની પ્રક્રીયા દરમિયાન હાલ-હવાલ જાણવા સતત રાઉન્ડ લેતા નજરે પડ્યા હતા. ગાંધીનગર શહેરમાં ઉત્તરની બેઠકને અનુલક્ષી સાંજે ૪ વાગ્યા સુધી ૬૨ ટકા મતદાન થયુ હતુ. જ્યારે ૫ સુધીમાં અંદાજિત ૬૫ ટકા મતદાન થયું હોવાનો અંદાજ છે.

### સે. ૨૨ મતદાન મથકે ભાજપ કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયુ

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ સરકારી શાળા ખાતેના મતદાન મથકે સાંજે ભાજપ-કોંગ્રેસના કાર્યકરો અચાનક સામસામે આવી ગયા હતા. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી હિરાબાએ જ્યા સવારે મતદાન કર્યુ તે જ મતદાન કેન્દ્રમાં સાંજે કોઈ કારણોસર ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોના બે જુથો વચ્ચે બોલાચાલી બાદ જપાજપી થતા ચૂંટણી અધિકારીઓ ઉપરાંત પોલીસનો કાફલો દોડતો થઈ ગયો હતો અને મામલો શાંત પાડ્યો હતો. બંને પક્ષમાંથી કોઈએ ફરીયાદ ન આપતા આ મામલે કોઈ પોલીસ કાર્યવાહી થવા પામી નથી.

### યુવા મતદારોમાં ગૃપમાં મતદાન કરવાનો ટ્રેન્ડ

ગાંધીનગર શહેરમાં સ્થિત સેક્ટરોના મતદાન મથકો પર મતદારોની લાંબી કતાર પણ જોવા મળી હતી. બપોરના સમયે મહીલાઓ વિશેષ પ્રમાણમાં મતદાન કરવા માટે બુથ પર પહોંચી હતી. જ્યારે યુવા મતદારો



પણ સવારથી જ ઉત્સાહભેર મતદાન કરવા નિકળી પડ્યા હતા. આ વખતે નવા ઉમેરાયેલા મતદારોની સંખ્યા પણ વિશેષ રહી હોવાથી ઘણા ખરાએ પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. શહેરના સેક્ટરોમાં યુવા મતદારો ગૃપમાં મતદાન કરવા જતા નજરે પડ્યા હતા.

### મતદાન બાદ સેલ્ફીનો ક્રેઝ

વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી બીજા તબક્કાના મતદાન દરમિયાન મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. યુવાવર્ગમાં ગૃપમાં મતદાન કરવા જવાનો ટ્રેન્ડ જોવા મળ્યો હતો. જ્યારે મતદાન માટેની જાગૃતતા અને ઉત્સાહને અનુલક્ષી દિવસ દરમિયાન સોશિયલ મીડીયામાં પણ સતત મેસીજીસ કરતા જોવા મળ્યા હતા. જ્યારે યુવાવર્ગમાં મતદાનના અંતે સેલ્ફીનો ક્રેઝ વિશેષ જોવા મળ્યો હતો. મતદાન કર્યા બાદ તુરંત જ સેલ્ફી લઈ ગૃપમાં મેસેજીસ કરવાનો ટ્રેન્ડ મજબૂત રહ્યો હતો.





### ગ્રામ્ય વિસ્તારોના મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકા વિસ્તારોમાં આવેલા ગામડાઓમાં સવારથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં સવારથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૫૦ ટકા મતદાન પુર્ણ થઈ ગયું હોવાના રીપોર્ટસ હતા. માણસા અને કલોલ વિસ્તારમાં જિલ્લાનું સૌથી વધુ મતદાન નોંધાયું હોવાના આંકડા છે. જે મતગણતરીના દિવસે પરિણામનો રોમાંચ બમણો કરશે તેમાં બે મત નથી.

### શહેરમાં મતદાનની સાથે સાથે...

- સવારે ઠંડીના લીધે મતદાનની પ્રક્રીયા પ્રભાવિત જોવા મળી હતી.
- સવારના સમયે મોર્નિંગ વૉક પર જનારા સીધા મતદાન બુથ પર પહોંચ્યા હતા.
- પ્રાથમિક તબક્કામાં યુવાનો વિશેષ પ્રમાણમાં મતદાન મથકે જોવા મળ્યા હતા.
- સવારે ૧૦ વાગ્યાથી મતદાન મથકો પર મતદારોની કતાર લાંબી થઈ હતી.
- સે. ૩ પ્રા. શાળાના મતદાન મથક બહાર કચરાના ઢગ જોવા મળ્યા હતા.
- કચરાથી ઉભરાતી કચરાપેટીને ઉલેચવા આવેલ કોર્પોરેશનના ટ્રકના લીધે સાંકડા માર્ગ પર ભીડ જામી હતી.



- સેક્ટરમાં પરિવારજનો સાથે જઈને મતદાન કરતા નજરે પડ્યા હતા.
- નાના બાળકો સાથે મતદાન કરવા આવતી મહીલાઓ માટે રમતગમતના સાધનો ઉપયોગી નિવડ્યા હતા.
- બપોરના સમયે મતદારોનો ઉત્સાહ વધતા મતદાન માટે ભીડના દશ્યો જોવા મળ્યા હતા.
- મતદાન મથકો બહાર પંજાબની પોલીસનો પહેરો જોવા મળ્યો હતો.
- શહેરના મતદાન બુથો પર યુવા મતદારોમાં ગૃપમાં મતદાન કરવાનો ટ્રેન્ડ જોવા મળ્યો હતો.
- મતદાનમથકો પર વૃદ્ધો માટે વ્હીલચેરની વ્યવસ્થા આશીર્વાદરૂપ નિવડી હતી.
- સવારે ૯.૩૦ કલાકે સે. ૩માં મતદાન મથક પર મતદારોની લાઈન ગેટ બહાર પહોંચી હતી.
- બુથ ટેબલો પર વિશેષ કોઈની હાજરી જોવા મળી ન હતી.
- શહેરમાં વિવિધ મતદાન મથકો પર મહાનુભાવોએ મતદાન કર્યું હતું.
- સેક્ટર-૭ની સરકારી શાળામાં મતદાન કેન્દ્રો ખાતે વહેલી સવારથી મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી.



- લોકશાહીના પર્વમાં નગરજનો ઉત્સાહમાં જોવા મળ્યા હતા.
- શહેરના દિવ્યાંગ, બ્લાઈન્ડ તેમજ સિનિયર સિટીઝનોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ હતુ.
- મતદાન મથક પર ફરજ બજાવતા પંજાબ પોલીસના જવાનો સાથે યુવા મતદારો સેલ્ફી લેતા નજરે પડ્યા હતા.
- મતદાન કેન્દ્રો પર વોટ કરીને બહાર નીકળતા મતદાન કર્યાની સેલ્ફી લેતા યુવા મતદારો મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા.
- મતદાન કેન્દ્રોની આસપાસ ૧૦૦મી સુધી પોલીસનો કડક બંદોબસ્ત હોવાથી વાહનો પણ પાર્ક કરવા દેવામાં આવતા ન હતા.
- મતદાન મથકમાં મહિલાઓ અને સિનિયર સિટીઝનોને પ્રાથમિકતા આપવામાં આવતી હતી.
- મતદાન કેન્દ્ર પર સવારે પુરૂષ મતદારો તેમજ સાંજે મહિલા મતદારોની સંખ્યા વધુ જોવા મળી હતી.
- ચૂંટણીપંચ દ્વારા નિમાયેલા સુરક્ષા કર્મચારીઓની હાજરીમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થયું હતું.
- મતદાન કેન્દ્રો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.
- મતદારોને મતદાર કર્યા બાદ તુરંત મતદાન કેન્દ્રની બહાર જવા માટે સુચના આપવામાં આવતી હતી.
- મતદારોની લાંબી કતારોને પગલે કેટલાક કેન્દ્રો પર માત્ર નાસ્તો જ કર્મચારીઓએ કર્યો હતો.
- મતદાન કેન્દ્ર પર મતદારોને લાવવા-લઈ જવા માટે મોંઘીદાટ ગાડીઓ દિવસભર ઘુમતી નજરે પડી હતી.
- ફુડપેકેટને લઈ કેટલાક કેન્દ્રો પર કાર્યકર્તાઓ વચ્ચે નારાજગી પણ જોવા મળી હતી.
- મતદાન મથકો ઉપરના સ્ટાફનું વર્તન મતદારો માટે ખુબ હુંફાળુ રહ્યુ હતુ. કોઈ અશક્ત વયોવૃદ્ધ મતદાર આવે તો સૌ પ્રથમ તેમને મતદાન કરવા લઈ જવાયા હતા.



- વાવોલમાં એક મતદારને બપોરની ટ્રેઈન હતી ટ્રેઈનની ટીકીટ બતાવી એટલે તે મતદારને પણ અગ્રીમતા આપી ચૂંટણી સ્ટાફે મદદ કરી હતી.
- ગર્ભવતી મહિલા મતદારો પણ ઉત્સાહથી મતદાનનો લાભ લઈ લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.
- અડાલજ ખાતે સખીમંડળ દ્વારા મહિલા મતદારો માટે ખાસ વ્યવસ્થા કરી મહિલા મતદારોને પ્રોત્સાહીત કર્યા હતા.
- સોશ્યલ મીડીયામાં વોટ કરેલી આંગણીના ફોટાઓએ ધૂમ મચાવી હતી.
- ગુજરાતી પોલીસ કર્મીઓ ચૂંટણીમાં સેવા આપવા આવેલા પંજાબ પોલીસના કમાન્ડોને તેમને મળતા પગાર, ભથ્થા અને સુવિધાઓ અંગે પૃચ્છા કરી મનોમન તુલના કરતા હતા.
- પંજાબ પોલીસના મહિલા મતદારો સાથે સૌજન્યપૂર્ણ વ્યવહારથી મહિલા મતદારો પ્રભાવિત થયા હતા.
- સેક્ટર-૨૭માં એક બુથ પરના ઈવીએમ મશીન પર ભાજપના ઉમેદવારના નામ સામે પેનથી લીટી જેવી નિશાની જોવાતા બાબત ચર્ચાસ્પદ બની હતી.

## ભાજપ બિન લોકશાહી અને ગેરકાનૂની હથકંડાનો ઉપયોગ કરે છે : સૂર્યસિંહ ડાભી

### ઈવીએમ સાથે બ્લ્યુ ટુથ કનેક્ટ થવાની ઘટના અંગે તપાસ કરવા માંગ કરી

ગાંધીનગર, તા.૧૪ ભારતીય જનતા પાર્ટી બિન લોકશાહી અને ગેરકાનૂની હથકંડાનો ઉપયોગ કરી રહી છે તેવો આક્ષેપ જિલ્લા કોંગ્રેસ પ્રમુખે કર્યો છે. ઈવીએમ ખોટકાયાં હોય, મોડા શરુ થયા હોય અને કયાં કયાંક ઈલેકટ્રોનિક મશીન અને વિવિપેટ મશીન પણ હેક થવાના પ્રસંગો જોવા મળ્યા તેવો આક્ષેપ કરતાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે ૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના આલમપુર ગામના બુથ નંબર ૪૪ અને માણસા વિધાનસભાના માણસા શહેરના બુથ નંબર ૧૭૬ અને ૧૭૭ પરના ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનો બ્લુટૂથથી કનેકટ થયેલ છે અને મોબાઈલમાં ‘ECO-105 KJ’ કે ટેકનીકલ ભાષામાં ‘બ્લુટુથ હોસ્ટ આઈડી (નેઈમ)’ કહેવામાં આવે છે. આમ ચૂંટણીપંચના ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન કોઈ પણ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ સાથે કનેકટ થતું નથી તેવા દાવાઓ પોકળ સાબિત થયા છે. અને ચૂંટણીની નિષ્પક્ષતા અને વિશ્વસનિયતા પર સવાલ ઉભા થયા છે. આ બાબતે વધુમાં જણાવાયું છે કે દક્ષિણ વિધાનસભાના આલમપુર ગામના બુથ નંબર ૪૪ અને માણસા વિધાનસભાના માણસા શહેરના બુથ નંબર ૧૭૬ અને ૧૭ના કોંગ્રેસ પક્ષના ઉમેદવારના મતદાન મથક એજન્ટ દ્વારા લેખિત ફરિયાદ પણ કરવામાં આવી છે. જે બાબતનું જિલ્લા કોંગ્રેસ પ્રમુખે આલમપુર ગામના બુથ નંબર ૪૪ અને માણસા વિધાનસભાના માણસા શહેરના બુથ નંબર ૧૭૬ અને ૧૭૭ના ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન બ્લુટુથ દ્વારા કનેકટ થવાની ઘટનાની ઉંડી તપાસ થવા અને કાયદેસરની કાર્યવાહી કરવા જિલ્લા કલેકટર અને ચૂંટણીપંચના અધિકારીઓ સમક્ષ માંગણી કરી હોવાનું જિલ્લા કોંગ્રેસના મહામંત્રી અરવિંદસિંહે સોલંકીએ જણાવ્યું છે.







### ચિલોડા ખાતે બુથ નં. ૪૮ અને ૫૧માં વધુ મતદારો અને ૪૯ અને ૫૦માં ઓછા મતદારોની સંખ્યાથી મતદારોમાં તફાવત થતા કચવાટની લાગણી

દક્ષિણ ગાંધીનગર વિધાનસભાની બેઠક પર ૧૦ ઉમેદવારોએ પોતાનુ નસીબ સાથે ઝંપલાવ્યુ હતુ. આ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાતાં ચિલોડા મતદાન મથકમાં ૪ બુથ અનુક્રમે બુથ નં. ૪૮માં ૧૧૫૯ મતદારોમાંથી ૮૭૪, બુથ નં. ૪૯ ૭૬૭ મતદારોમાંથી ૫૭૮, બુથ નં. ૫૦ - ૫૩૮ મતદારોમાંથી ૩૪૭ મતદારો, બુથ નં. ૫૧માંથી ૧૦૫૪ મતદારોમાંથી ૭૮૬ મતદારોએ મતદાન કરતાં કુલ ૩૫૧૮માંથી ૨૫૮૫ મતદારોએ મતદાન કરી પોતાની ફરજ અદા કરી હતી. આમ કુલ ૩૫૧૮માંથી ૨૫૮૫ મતદારોએ મતદાન કરી પોતાની ફરજ અદા કરી હતી. આમ કુલ ૭૩.૫૭ ટકા મતદાન થતાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. આમ ઉલ્લેખનીય બાબત એ છે કે ૪ બુથમાંથી પ્રથમ અને ચોથા બુથ પર મતદારો અનુક્રમે ૧૧૫૯ અને ૧૦૫૪ મતદારોનો સમાવેશ થયો હતો. જ્યારે બીજા અને ત્રીજા બુથમાં અનુક્રમે ૭૬૭ અને ૫૩૮ મતદારોનો સમાવેશ થયો હતો. પરિણામે પહેલા અને ચોથા બુથમાં વધુ મતદારો અને બીજા અને ત્રીજા બુથમાં ઓછા મતદારોને લીધે પ્રથમ અને ચોથા બુથમાં મતદારોની લાઈન લાંબા સમય સુધી રહેવા પામી હતી. જ્યારે બીજા અને ત્રીજા બુથમાં મતદારોની સંખ્યા ઓછી હોવાથી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી મતદારોનો પ્રવાહ ઘટી જવા પામ્યો હતો. જ્યારે બુથ નં. ૪ ૧૦૫૪ મતદારો હોવાથી લાઈન અવિરત ચાલુ રહી હતી. આમ બુથમાં મતદારોની ફાળવણીમાં તફાવત વધુ રહેવાથી મતદારોમાં કચવાટની લાગણી અને રોષ જોવા મળ્યો હતો. આમ છતાં ચિલોડા મતદાન મથકે શાંતિપૂર્ણ મતદાન કરતા મતદારોએ સવારે ૮ થી ૧ વાગ્યા સુધી મતદાન કરવા ઉત્સાહ દર્શાવ્યો હતો.